મધ્ય ગુજરાતની 'સૌથી મોટી' સયાજી હોસ્પિટલની પોલ ખોલતી તસવીર

# નેતાઓ માટે વીવીઆઈપી 'મહેલ', તો ગરીબ દર્દીઓ માટે એક જ પલંગની 'ભાગીદારી'

**મધ્ય** ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ જ્યાં એક જ ખાટલા પર બે દર્દીઓની થાય છે 'કંજસ્ટેડ' સારવાર



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને લઈને સમગ્ર શહેરમાં 'સૌંદર્યકરણ' અને વીવીઆઈપી મહેમાનો માટે લાલ જાજમ પથરાઈ રહી છે, તો બીજી તરફ વડોદરા જ નહીં પરંતુ સમગ્ર મધ્ય ગુજરાતની સૌથી મોટી એવી સરકારી સયાજી હોસ્પિટલની વાસ્તવિકતા દર્શાવતી એક અત્યંત શરમજનક તસવીર સામે આવી છે.

વીવીઆઈપી મહેમાનોના સ્વાગત અને તેમની સેવામાં તંત્ર આખો દિવસ ખડે પગે રહે છે, પરંતુ જ્યારે સામાન્ય જનતા કે ગરીબ દર્દીઓની વાત આવે છે, ત્યારે સયાજી હોસ્પિટલનું તંત્ર આંખ આડા કાન કરી બેસી જાય છે. તાત્કાલિક સારવાર વિભાગ માંથી સામે આવેલી એક તસવીરે તંત્રના દાવાઓની પોલ ખોલી નાખી છે.

સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે, પરંતુ તેની સામે તંત્ર પાસે પૂરતા પલંગ ઉપલબ્ધ ન હોવાની ગંભીર લાચારી સામે આવી છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે એક જ ખાટલા પર બે અલગ-અલગ દર્દીઓને સૂવડાવીને સારવાર આપવામાં આવી રહી છે. ગરીબ દર્દીઓની આ દુર્દશા જોઈને સવાલો થાય છે કે શું આને જ કહેવાય 'વિકસિત ગુજરાત'નું ઉત્તમ આરોગ્ય માળખું ?

મધ્ય ગુજરાતના લાખો લોકો માટે આશાનું કિરણ ગણાતી આ સરકારી હોસ્પિટલ હવે માત્ર કાગળ પરના દાવાઓ અને ફોટા પૂરતી મર્યાદિત બની રહી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. એક તરફ નેતાઓ અને અધિકારીઓ વીવીઆઈપી પ્રોટોકોલની સમીક્ષાઓ કરવામાં વ્યસ્ત છે, તો બીજી તરફ ઈમરજન્સી વોર્ડમાં તડપતા દર્દીઓ બેડની અછત સામે લાચાર બન્યા છે.

આ વાસ્તવિક તસવીરે હોસ્પિટલના વહીવટી તંત્રની પોલ ખોલી નાખી છે કે, 'ખાસ' મહેમાનો માટે મહેલ જેવી સુવિધાઓ છે, જ્યારે સામાન્ય દર્દીઓ માટે એક ખાટલાની ભાગીદારી છે ! હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ છપાયા બાદ કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું હોસ્પિટલ તંત્ર જાગે છે કે પછી માત્ર કાગળ પર જ તપાસના આદેશ આપીને સંતોષ માને છે.

## ખટંબા કંપનીમાં કર્મચારીઓના ૮ મોબાઈલ ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ખટંબા ગામની કંપનીમાં કામ કરતા મજૂરોના મોબાઈલ ફોન ચોરી થવાની ઘટના સામે આવી છે. અજાણ્યો તસ્કર કંપની તથા તેની બાજુમાં આવેલી મારુતિ કંપનીમાં કામ કરતા મજૂરોના કુલ આઠ મોબાઈલ ફોન ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે વરણામા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જાંબુઆ જકાતનાકા પાસે વ્રજધામ સોસાયટીમાં રહેતા પ્રશાંત બળેલાલ પાંડે ખટંબા સ્થિત કોર્ટેક પ્રા.લિ. કંપનીમાં નોકરી કરે છે. તા.6 સપ્ટેમ્બરની રાત્રે આશરે 1:30 વાગ્યાના અરસામાં કંપનીમાં કામ કરતા મજૂરો તેમજ બાજુની મારુતિ કંપનીમાં કામ કરતા મજૂરોના મોબાઈલ ફોન ચોરી થયા હતા. તેઓએ તપાસ કરતા અને સાત કર્મચારીઓના પણ મોબાઈલ ચોરાયા હોવાનું જાણવા મળ્યું હતું આમ ચોરી કરનાર ચોરે અંદાજિત કિંમત રૂ.1 લાખના 8 મોબાઈલની ચોરી કરી હોવાનું જાણવા મળ્યું હતું.ઘટનાની જાણ થયા બાદ તેઓએ તા.7 સપ્ટેમ્બરે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. હાલ આરોપી અજાણ્યો હોવાથી વરણામાં પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

સંગઠિત ટોળકી બનાવી ગુનાઓ આચર્યાના આક્ષેપો વચ્ચે કોર્ટનો કડક મિજાજ

# ગૌવંશની ચોરી અને કતલ કરવાના ગુનામાં સજા કાપતા ચાર આરોપીઓની જામીન અરજી રદ

**GCTOC** કેસમાં જેલમાં સજા કાપતા હોય મુક્ત થવા ચાર આરોપીઓના જામીન અરજી મૂકી સરકારી વકીલ રઘુવીર પંડ્યા ની ધારદાર દલીલોને પગલે કોર્ટે રેગ્યુલર જામીન અરજી ફગાવી

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC)ના ગંભીર ગુનામાં જેલમાં રહેલા ચાર આરોપીઓ જેલમાં સજા કાપી રહ્યા છે. આ આરોપીઓ દ્વારા જેલ મુક્ત થવા માટે કરવામાં આવેલી રેગ્યુલર જામીન અરજીઓનો સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ વિરોધ કરી ધારદાર દલીલો રજૂ કરી હતી. દલીલો તથા કેસની ગંભીરતા ધ્યાનમાં લઈ નામદાર કોર્ટે ચારેય આરોપીઓની રેગ્યુલર જામીન અરજીઓ રદ કરવાનો હુકમ કર્યો છે.

સંગઠિત ગુનાની ટોળકી બનાવી ગેરકાયદે પ્રવૃત્તિનો આક્ષેપ ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022માં GCTOC એક્ટની કલમ મુજબ ગુનો નોંધાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ મુખ્ય આરોપી મેહફુજ યાકુબ હયાત સહિતના આરોપીઓએ સંગઠિત ટોળકી બનાવી ગૌવંશની ચોરી અને કતલ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરી નાણાકીય લાભ મેળવ્યો હોવાનો આક્ષેપ છે.

આરોપીઓએ છેલ્લા દસ વર્ષ દરમિયાન પંચમહાલ, મહીસાગર, અમદાવાદ અને ભરૂચ સહિતના વિસ્તારોમાં સંગઠિત રીતે ગુનાઓ આચર્યા હોવાનો પોલીસનો દાવો છે. હથિયારો સાથે હુમલો, સરકારી કર્મચારીઓની ફરજમાં અવરોધ, જાનથી મારી નાખવાની ધમકી તેમજ મિલકતને નુકસાન પહોંચાડી લોકોમાં ભય ફેલાવ્યાના ગંભીર આક્ષેપો પણ કેસમાં કરવામાં આવ્યા છે.

આ કેસમાં આરોપીઓ સામે તપાસ પૂર્ણ થયા બાદ તા.23 જૂન 2022ના રોજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. હાલ જેલમાં રહેલા મહેફૂસ યાકુબ હયાત, શબ્બીર યાકુબ હયાત, મહેફૂઝ ઉર્ફે મુન્નો હુસેન બદામ અને અબ્દુલ પ્રભુ હાજી હુસેન બદામ ઉર્ફે હાજી દ્વારા રેગ્યુલર જામીન માટે અરજી કરવામાં આવી હતી. સરકારી પક્ષની દલીલો બાદ કોર્ટે ચારેય અરજીઓ નામંજૂર કરી હતી. કોર્ટની આ કાર્યવાહીથી તમામ ગુનેગારોમાં ફફડાટની લાગણી સાથે ભયનો માહોલ સર્જાયો છે.

પોલીસે કોપીરાઇટ ભંગનો મોટો મામલો ઝડપી પાડ્યો

# ભરૂચના ફોટો સ્ટુડિયોમાં પોલીસે ટી-સીરીઝના ગીતોના ગેરકાયદે ઉપયોગનો પર્દાફાશ થયો

**ટી-સીરીઝના** એન્ટી-પાયરસી એક્ઝિક્યુટિવની ફરિયાદ બાદ પોલીસનો દરોડો, કમ્પ્યુટર-હાર્ડડિસ્ક કબજે




(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

શહેરના મોહમદપુરા વિસ્તારમાં આવેલા ઝમઝમ શોપિંગ સેન્ટરના પહેલા માળે ધમધમતા 'ગોલ્ડન ફોટો સ્ટુડિયો'માં પોલીસે દરોડો પાડી કોપીરાઈટ ભંગનો મોટો મામલો ઝડપી પાડ્યો છે. સ્ટુડિયો સંચાલક દ્વારા પ્રી-વેડિંગ અને લગ્ન પ્રસંગના વીડિયોમાં જાણીતી મ્યુઝિક કંપની ટી-સીરીઝના ગીતોનો ગેરકાયદે ઉપયોગ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. ટી-સીરીઝ કંપનીના એન્ટી પાયરસી એક્ઝિક્યુટિવ મિત દેસાઈએ આ અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરતાં પોલીસ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન સ્ટુડિયોમાંથી એક કમ્પ્યુટર અને બે હાર્ડડિસ્ક કબજે કરવામાં આવ્યા હતા, જેમાં પ્રી-વેડિંગ અને લગ્નના વીડિયોમાં ટી-સીરીઝના લોકપ્રિય ગીતો ગેરકાયદે મિક્સ કરેલા મળી આવ્યા હતા. પોલીસ તપાસમાં 'સૂર્યવંશી' ફિલ્મનું 'મેરે યારા', 'ડંકી' ફિલ્મનું 'ઓ માહી', 'જીગરીયા'નું 'અરજીયા' અને 'લવરાત્રી'નું 'છોગાળા તારા' જેવા પ્રખ્યાત ગીતો કંપનીની પરવાનગી કે લાયસન્સ વગર વાપરવામાં આવતા હોવાનું સ્પષ્ટ થયું છે.

પોલીસ પૂછપરછ દરમિયાન સ્ટુડિયો સંચાલક રાહુલ પ્રફુલચંદ્ર મિસ્ત્રીએ સ્વીકાર્યું હતું કે તે ગ્રાહકોની માંગ અને ઓર્ડર મુજબ વીડિયોમાં ગીતોનું મિક્સિંગ અને એડિટિંગ કરતો હતો અને આ તૈયાર ડેટાનું બેકઅપ કમ્પ્યુટર અને હાર્ડડિસ્કમાં સાચવી રાખતો હતો.પોલીસે આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને અંદાજે 40,000ની કિંમતનો ટેકનિકલ સામાન જપ્ત કર્યો છે. સંચાલક વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ અંતર્ગત ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાથી ભરૂચના અન્ય સ્ટુડિયો સંચાલકોમાં પણ સળવળાટ મચી ગયો છે.

મહિલા સશક્તિકરણ માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઇ

# ૧૦ વર્ષની સામાજિક સફરની ઉજવણી, ‘સંવાદ-૧૯’માં સેવાકાર્યોને વેગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

બિલિયન લાઈવ્સ ફાઉંડેશન (BLF) દ્વારા સંસ્થાની 10 વર્ષની સામાજિક સફરની ઉજવણી અંતર્ગત ‘સંવાદ 19’નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દાતાઓ, સ્વયંસેવકો, બોર્ડ સભ્યો, શાળાના આચાર્યો, ટીમ સભ્યો અને ઈન્ટર્ન્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સંસ્થાની દાયકાભરની સફર અને સામાજિક પ્રભાવ દર્શાવતો Journey Video રજૂ કરવામાં આવ્યો હતો. Founder | Director કિન્નરી હરિયાણીએ સંસ્થાની દૃષ્ટિ રજૂ કરી ભવિષ્યના લક્ષ્યો અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે સંસ્થાની સફરમાં યોગદાન આપનાર સ્વયંસેવકો, દાતાઓ, બોર્ડ સભ્યો, શાળાના આચાર્યો, સ્ટાફ અને ઈન્ટર્ન્સ સહિત વિવિધ 10 કેટેગરીમાં સન્માન કરવામાં આવ્યું હતું. વર્તમાન અને ભૂતપૂર્વ ઈન્ટર્ન્સે પોતાના



અનુભવો પણ શેર કર્યા હતા.

10 વર્ષની ઉજવણીને સમાજસેવા સાથે જોડતાં રાઘવપુરા ગામની 8 ગર્ભવતી મહિલાઓને Nutrition | Grocery Kitsનું વિતરણ કરાયું હતું. રાઘવપુરા PHCને Digital Blood Pressure Monitoring Machine પણ અર્પણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત શ્લોક, ગુજરાતી કવિતા-ગીત અને Elocution સ્પર્ધાઓ યોજાઈ હતી.

## લીમખેડા સ્થિત હડફ બ્રિજ ખાતે બાંધકામની કામગીરીને પગલે વાહનવ્યવહાર પર પ્રતિબંધ

લીમખેડા : અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે (NH-47) પર લીમખેડા લિંક રોડ ખાતે આવેલ હડફ બ્રિજના નિર્માણની કામગીરી ચાલુ હોવાના કારણે ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.એમ. રાવલ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ તા. ૦૮/૦૯/૨૦૨૬ થી તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધી હડફ બ્રિજ પર કામગીરી સાથે સંકળાયેલા વાહનો સિવાયના તમામ પ્રકારના અન્ય વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વાહનો માટેના વૈકલ્પિક માર્ગો: 1.અમદાવાદ-બાલાસિનોર-સેવાલિયા-ગોધરા-દાહોદ-ઈન્દોર નેશનલ હાઈવે (લીમખેડા બાયપાસ) થી વટેડા-લીમખેડા થઈ ઝાલોદ તરફ જઈ શકાશે. 2. લીમખેડા-ઉમરિયા-ધાનપુર રોડ (લીમખેડા બાયપાસ) થી વટેડા-લીમખેડા થઈ ઝાલોદ તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે.

શાહુકારોને તાકીદ : વડોદરા જિલ્લા રજિસ્ટ્રારની આખરી નોટિસ

# ઓડિટ રિપોર્ટ અને ઓનલાઈન પત્રકો રજૂ કરવા શાહુકારોને અલ્ટીમેટમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાની કચેરી દ્વારા જિલ્લામાં નોંધાયેલા તમામ લાયસન્સધારક શાહુકારોને કાયદાકીય જોગવાઈઓના ચુસ્ત પાલન માટે તાકીદ કરવામાં આવે છે. વડોદરા જિલ્લામાં હાલમાં વડોદરા શહેર તથા વડોદરા ગ્રામ્ય હેઠળ ૯૬૪, પાદરા તાલુકામાં ૧૩૨, ડભોઈમાં ૩૦, ડેસરમાં ૨૫, સાવલીમાં ૨૪, કરજણમાં ૧૯, વાઘોડિયામાં ૧૩ અને શિનોરમાં ૧૨ મળીને કુલ ૧,૨૧૯ શાહુકારો નોંધાયેલા છે. આ તમામ લાયસન્સ ધારક શાહુકારોએ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અને નિયમો-૨૦૧૩ ની જોગવાઈઓ મુજબ વાર્ષિક ઓડિટ તથા પત્રકોની ઓનલાઈન કામગીરી કરવી ફરજિયાત છે. આ કાયદાકીય જોગવાઈઓને અનુલક્ષીને, ૫૦ લાખથી ઓછું ધિરાણ ધરાવતા શાહુકારોએ તેમના ધીરધારના ધંધાના છેલ્લા ૦૫ વર્ષના હિસાબી પત્રકો અને કુલ ટર્નઓવરની વિગતો આગામી ૧૫ દિવસમાં અત્રેની કચેરી ખાતે અચૂક રજૂ કરવાની રહેશે. જે શાહુકારોના ધંધાનું ટર્નઓવર શૂન્ય હોય, તેઓએ પણ ઉપરોક્ત સમયમર્યાદામાં 'નીલ' પત્રકો રજૂ કરવાના રહેશે. તદુપરાંત, નિયમાનુસાર દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં તમામ લેવડદેવડના પત્રકો અને દેણદારને આપવાના વાર્ષિક હિસાબ (પત્રક-૧૫) ફરજિયાત ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. જે શાહુકારોએ ઓનલાઈન પત્રકો અપલોડ કર્યા નથી અને અધિનિયમનો ભંગ કર્યો છે, તેઓએ આગામી તા. ૨૦ સપ્ટેમ્બર સુધીમાં કચેરી સમક્ષ કારણદર્શક ખુલાસો રજૂ કરવાનો રહેશે.


મહાઆરતી બાદ ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો

# માં અંબાધામ ખાતે શ્રાવણના અંતિમ સોમવારે ૨૫૧ દીવાની મહાઆરતી યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

શ્રાવણ માસના અંતિમ સોમવાર નિમિત્તે માં અંબાધામ ખાતે ₹શિવ-શક્તિ₹ ના ભક્તો દ્વારા ભવ્ય દીપોત્સવ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય અવસરે મહંત નિર્મલાવન માતાજીના પાવન સાનિધ્યમાં ૨૫૧ દીવાઓની ઝગમગતી મહાઆરતી કરવામાં આવી હતી. શિવલિંગ અને મા અંબાના દરબારમાં દીવડાઓના પ્રકાશથી સમગ્ર પરિસર ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે ગોકુળપૂરા, છાપરીયાપૂરા, સમિયાલા, ગણપતપુરા અને ભાયલી ગામના રહીશો સાથે ૧૫૦ થી વધુ ભક્તોએ ઉત્સાહભેર જોડાઈ શિવ-શક્તિની આરાધના કરી હતી. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે લઘુ



ઉદ્યોગ ભારતી વડોદરાના પ્રેસિડેન્ટ વિરલભાઈ ચૌધરી સાથે જનરલ સેક્રેટરી નિલેશભાઈ પટેલ અને લઘુ ઉદ્યોગ ભારતી કર્ણાવતી સંભાગના પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પટેલ ઉપરાંત ગોકુળપૂરા ગામના સરપંચ અલ્પેશ ભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાઆરતી બાદ સૌ ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

ટ્રાફિક પોલીસે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ બસ બહાર કઢાવી

# રેલવે સ્ટેશનના ગરનાળામાં મીની લક્ઝરી બસ ફસાઇ, ટ્રાફિકજામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરના અતિ વ્યસ્ત એવા અલકાપુરી-સયાજીગંજ માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. અલકાપુરી તરફથી સયાજીગંજ તરફ જઈ રહેલી એક મીની લક્ઝરી બસ રેલવે સ્ટેશનના ગરનાળા નીચેથી પસાર થતી વખતે ફસાઈ ગઈ હતી.

બસની ઊંચાઈ ગરનાળાની ઊંચાઈ કરતા વધુ હતી અને અંદર લોખંડના એંગલો લાગેલા હોવાથી બસ આગળ વધી શકી ન હતી. ચાલકે બસને બહાર કાઢવા માટે રિવર્સ લેવાનો પ્રયાસ કરતા પાછળ આવી રહેલા અન્ય વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા અને બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતા



ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. ભારે જહેમત બાદ નિર્ણય લેવામાં આવ્યો કે બસના ચારેય ટાયરોની હવા કાઢીને તેની ઊંચાઈ ઓછી કરવામાં આવે. લગભગ એક કલાકની ભારે જહેમત બાદ આખરે બસને ગરનાળામાંથી સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ એક કલાક સુધી વાહનવ્યવહાર ખોરવાઈ જતા અન્ય ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મોબાઇલ સહિત રૂ.૧૧.૧૬ લાખનો મુદ્દામાલ કબજે

# વાઘોડિયા રોડના આશાપુરીનગરમાં રૂ.૧૧.૧૧ લાખનો દારૂ ઝડપાયો

**જર્જરિત** સહિત બંધ મકાનોમાં દરોડો; 2,330 બોટલ-ટીન સાથે રૂ.11.16 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેર પીસીબીએ વાઘોડિયા રોડના આશાપુરીનગર વિસ્તારમાં દરોડો પાડી અલગ-અલગ મકાનમાં સંતાડેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક શખ્સને ઝડપી પાડી રૂ.11.16 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. હપીસીબીની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે આશાપુરી મંદિર પાછળ



આવેલા જર્જરીત મકાન સહિત નજીકના અન્ય બંધ મકાનમાં મૂકવામાં આવ્યો છે જેના આધારે પીસીબીએ સ્થળ પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન વિદેશી દારૂની 2,330 બોટલ અને ટીન રૂ.11.11 લાખ મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી અજય મહેશભાઈ વસાવાને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી રૂ.0.05 લાખનો મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો હતો. આમ રૂ.11.16 લાખનો મુદ્દામાલ કબજે કરી અજય વસાવા સામે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે દારૂનો જથ્થો સંતાડનાર હોવાનું સામે આવેલા ભાવેશ જશવંતસિંહ ચૌહાણને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

## એરપોર્ટ સર્કલ પાસે પાર્ક કરેલી બાઈકમાં અચાનક આગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ નજીક એક મકાનની બહાર પાર્ક કરેલી બાઈકમાં અચાનક આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મકાન બહાર ઉભેલી બાઈકમાંથી અચાનક ધુમાડો નીકળ્યા બાદ આગ ભભૂકી ઉઠી હતી. આગના કારણે આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આગની જાણ થતાં સંબંધિત તંત્રને પણ જાણ કરવામાં આવી હતી. સદનસીબે આગની ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. જોકે, બાઈકમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

# વીજ પુરવઠાની સમય મર્યાદામાં વધારો કરવા ધારાસભ્ય શૈલેષ મહેતાની રજૂઆત

**ત્રણ** દિવસે 10 કલાકને બદલે દરરોજ 10 કલાક વીજ પુરવઠો આપવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ડભોઇ તાલુકામાં ચોમાસા દરમિયાન અપૂરતા વરસાદને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સિંચાઈના પાણીની અછત વચ્ચે ખેડૂતોનો પાક બચાવવા માટે ખેતી વીજ પુરવઠાની સમય મર્યાદામાં વધારો કરવા ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ વડોદરા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે.

ધારાસભ્યએ લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ડભોઇ પંથકમાં અપૂરતા વરસાદના કારણે ખેડૂતોને પાક લેવા માટે સિંચાઈના પાણીની જરૂરિયાત પડી રહી છે. સિંચાઈના પાણીનો ઉપલબ્ધ જથ્થો ખૂટી ન મળતો હોવાથી કડકાના વીજ પુરવઠા ઉપર આધારિત છે. ખેડૂતો અપૂરતા વરસાદની સ્થિતિમાં પાક સારી રીતે પાક પકવી શકે તે માટે 10 કલાક વીજ પુરવઠાની જરૂર છે. જ્યારે હાલમાં ખેડૂતોના હિતને ધ્યાને લઇ ખેતી વીજ પુરવઠાનો સમય મર્યાદા 10 કલાક કરી આપવા આપશ્રીને મારી અંગત ભલામણ છે. હાલમાં ડભોઇ તાલુકામાં દર ત્રણ દિવસે 10 કલાક વીજળી આપવામાં આવી રહી છે, જ્યારે પાકને દર 10 દિવસે પાણીની જરૂર પડે છે. આવી સ્થિતિમાં પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. તેથી ખેડૂતોની માંગ છે કે ત્રણ દિવસે 10 કલાકને બદલે દરરોજ 10 કલાક ખેતી વીજ પુરવઠો આપવામાં આવે, જેથી ખેડૂતો પોતાનો ઉભો પાક બચાવી શકે.

## ત્રણ શખ્સોએ મહિલાને ધમકી આપ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

તા. ૮ સપ્ટેમ્બરની સાંજના સમયે ફરિયાદી પાયલબેન પટેલના પતિ નૈતિક પટેલનો આરોપીઓ લોકેશ શર્મા, બાલા ઐયર અને નિલેશ કહાર સાથે ઝઘડો-તકરાર થયો હતો. આ બાબતને લઈને ત્રણેય આરોપીઓ ફરિયાદીના જેઠના ઘર આગળ ઊભા રહી આરોપીઓએ ગાળો બોલી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ અંગે ફરિયાદીના જેઠે ફોન કરીને પાયલબેનને જાણ કરી હતી. ત્યારબાદ રાત્રિના આશરે ૧૦ વાગ્યાના સમયે પાયલબેન માંજલપુર સરસ્વતી ચોકડીથી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સરસ્વતી ચોકડી પાસે ત્રણેય આરોપીઓ બેઠેલા હતા. ફરિયાદ મુજબ, આરોપી લોકેશ શર્માએ પાયલબેનને જોઈને તેમના પતિનો ઉલ્લેખ કરી ધમકી આપી હતી કે, “આ નૈતિક પટેલની પત્ની છે, તે જ્યાં જશે ત્યાં તેનો પતિ હશે અને તેનો પતિ નહીં મળે તો તેને ઉપાડી લઈશું.”

ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ આવવાની શક્યતા

# વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની શકયતા, વાદળછાયું વાતાવરણ રહેશે

**12-13 સપ્ટેમ્બરે** વીજળીના કડાકા સાથે વરસાદ અને 30-40 કિમીની ઝડપે પવનની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 33.6 ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા 1.1 ડિગ્રી વધુ છે, જ્યારે લઘુત્તમ તાપમાન 27.2 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં વરસાદ નોંધાયો નથી. હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેશે. 9 થી 14 સપ્ટેમ્બર દરમિયાન વાદળછાયા વાતાવરણ સાથે હળવા વરસાદની શક્યતા છે. 12 અને 13 સપ્ટેમ્બરના રોજ વડોદરામાં ગાજવીજ, વીજળીના કડાકા અને 30-40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. બાકીના દિવસોમાં કોઈ ચેતવણી નથી. રાજ્યમાં આગામી સમય દરમિયાન હળવા વરસાદથી લઈને ગાજવીજ સાથે ભારે વરસાદનો નવો રાઉન્ડ આવી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં હવામાનની સ્થિતિ નીચે મુજબ રહેશે. 12 થી 17 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં છૂટાછવાયા અને સામાન્ય વરસાદી ઝાપટાં તથા હળવા વરસાદની શક્યતા છે. 17 સપ્ટેમ્બર આસપાસ બંગાળના ઉપસાગરમાં સર્જાનારી સિસ્ટમના પ્રભાવથી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે 26 સપ્ટેમ્બર થી 5 ઓક્ટોબર હાથીયા નક્ષત્ર દરમિયાન રાજ્યના અનેક ભાગોમાં ગાજવીજ સાથે સારો વરસાદ પડવાની સંભાવના છે.


## આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. ૪૦૦૦૭૨

દાહોદ શાખાઃ સીએસ નં. ૫૮, એસ.એફ. ૨, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડા ઉપર, ગોદી રોડ, દાહોદ ૩૮૯૧૫૧, ગુજરાત

### ડિમાન્ડ નોટિસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ (૧) સાથે વાંચતા.

અધિકૃત અધિકારી એ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉક્ત કાયદો) હેઠળ આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિ. (AHFL)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચતા, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ ઇશ્યૂ કરીને નીચે મુજબના ઉધારકર્તા(ઓ) ("ઉક્ત ઉધારકર્તા(ઓ)") ને તેમને ઇશ્યૂ કરવામાં આવેલી સંબંધિત ડિમાન્ડ નોટિસ(ઓ)માં દર્શાવેલ રકમ પરત ચૂકવવા માટે જણાવ્યું છે, જે નીચે પણ આપવામાં આવેલ છે. ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત ઉધારકર્તા(ઓ)ને આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે દર્શાવેલ રકમ, લોન એગ્રીમેન્ટ અને ઉક્ત ઉધારકર્તા(ઓ) દ્વારા નિષ્પાદિત અન્ય દસ્તાવેજો/લેખિતો અનુસાર ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે દર્શાવેલ તારીખથી આગળના વ્યાજ સહિત AHFLને ચૂકવી આપવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણી માટે સિક્યુરિટી તરીકે, નીચે દર્શાવેલ મિલકતો ઉક્ત ઉધારકર્તા(ઓ) દ્વારા AHFLને અનુક્રમે મોર્ગેજ મૂકવામાં આવી છે.

| ક્રમ નં. | ઉધારકર્તા / સહ-ઉધારકર્તા અને જામીનદારનું નામ | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સિક્યોર્ડ એસેટ્સનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 38110000113 / દાહોદ શાખા) શંકરભાઈ મારુ (ઉધારકર્તા) સુમિત્રાબેન મારુ, ભુરાભાઈ મગનભાઈ મારુ અને મગનભાઈ મારુ (સહ-ઉધારકર્તા) | 10-08-2026 ₹ 5,48,195/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, મકાન નં. ૧૫૧/૧, હરિજનવાસ ફળિયું, કતવારા રોડ, ૧૫૧/૧ કતવારા, દાહોદ, ગુજરાત ૩૮૯૧૫૪. ચતુર્સીમાઃ પૂર્વ - મરુલભાઈનું મકાન, પશ્ચિમ - વિલ રોડ, ઉત્તર - અન્ય મકાન, દક્ષિણ - મારુ અમતરુભાઈનું મકાન |

જો ઉક્ત ઉધારકર્તાઓ ઉપરોક્ત મુજબ AHFLને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો AHFL ઉક્ત કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરશે, જે તદ્દન ઉક્ત ઉધારકર્તાઓના જોખમે, ખર્ચે અને પરિણામે રહેશે. ઉક્ત ઉધારકર્તાઓને AHFLની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત મિલકતો વેચાણ, લીઝ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવા માટે કાયદા હેઠળ મનાઈ ફરમાવવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘનમાં મદદ કરશે, તે કાયદા હેઠળ પૂરી પાડવામાં આવેલ કેદ અને/અથવા દંડની સજાને પાત્ર રહેશે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 09.09.2026

સહી/- અધિકૃત અધિકારી
ફોરઃ આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ